

ઉચ્ચશિક્ષણ વિભાગ આયોજિત

# વેબિનારમાં મુખ્યમંત્રીનું યુવાછાત્રોને પ્રેરણાત્મક માર્ગદર્શન

## ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે શોધ-સંશોધન રિસર્ચ કરતા યુવાછાત્રો ‘નેશન ફર્સ્ટ’નો ભાવ જગાવી વિશ્વની માનવજાત-વસુધાના કલ્યાણ માટે ઉપયોગી સંશોધનો ગુજરાતની ધરતી પરથી કરે : મુખ્યમંત્રીનું આહવાન








ગાંધીનગર, તા. ૯

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે શોધ-સંશોધન કરતા PHDના યુવા વિદ્યાર્થીઓને પોતાના નવોન્મેષી સંશોધન-રિસર્ચથી ‘નેશન ફર્સ્ટ’નો ભાવ જગાવી માનવજાતના કલ્યાણ અને વિશ્વને ઉપયોગી રિસર્ચ-સંશોધન માટે પ્રેરક આહવાન કર્યુ છે.

આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, પ્રવર્તમાન કોરોના વાયરસ સંક્રમણ સામે રક્ષણ આપતી દવા સહિતના બહુવિધ ક્ષેત્રોમાં આજની યુવા પેઢી પોતાના રિસર્ચ-સંશોધનથી લીડ લઈ ગરીબ, વંચિત, અંતરિયાળ, પીડિત વ્યકિતને ઊભા થવાનો આધાર આપી વસુધાના કલ્યાણનો ધ્યેય સાકાર કરે તે સમયની માંગ છે.

મુખ્યમંત્રી રાજયના ઉચ્ચશિક્ષણ વિભાગની શોધ ScHeme Of Developing High quality research (SHODH) - યોજના તહેત રાજયની વિવિધ યુનિવર્સિટીઓમાં પી.એચ.ડી. કોર્સમાં ગુણવત્તાયુકત સંશોધન કરનારા ૭૫૩ વિદ્યાર્થીઓને આર્થિક સહાય-સ્ટાઈપેન્ડ પેટે કુલ ૩ કરોડ ૩૮ લાખ રૂપિયા તેમના બેન્ક એકાઉન્ટમાં DBTથી આપવાના અવસરે યોજીત વેબિનારમાં સંબોધન કરી રહ્યા હતા.

આ શોધ યોજના અંતર્ગત રાજયની યુનિવર્સિટીઓમાં PHD અન્વયે સંશોધન કરનારા વિદ્યાર્થીઓને બે વર્ષ સુધી દર મહિને રૂ. ૧૫ હજારનું સ્ટાઈપેન્ડ અને આનુષાંગિક ખર્ચ માટે વાર્ષિક રૂ. ૨૦ હજાર મળી વાર્ષિક બે લાખ રૂપિયાની સહાય રાજ્ય સરકાર આપે છે.

વિજયભાઈ રૂપાણીએ આ ‘શોધ’ યોજનાને પરિણામે આવનારા સમયમાં ગુજરાતની યુનિવર્સિટીઓ વિશ્વ આખા માટે શોધ-સંશોધનની માઈલ સ્ટોન બને તે દિશામાં રાજ્ય સરકાર અને શિક્ષણ વિભાગ અસરકારકતાથી આગળ વધશે તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો.

મુખ્યમંત્રીએ આ યુવાઓને પ્રધાનમંત્રીશ્રીની કલ્પનાના નયા ભારત-ન્યૂ ઈન્ડીયાને ચરિતાર્થ કરવામાં પોતાના શોધ-સંશોધનો પ્રજા વિશ્વ સમક્ષ મૂકી ભારતને વિશ્વના શકિતશાળી રાષ્ટ્રોની હરોળમાં મુકવા પણ યોગદાન આપવા આહવાન કર્યુ હતું.

મુખ્યમંત્રીએ આ ‘શોધ’ યોજનાનો ઉદ્દેશ્ય સ્પષ્ટ કરતાં જણાવ્યું કે, ઉચ્ચશિક્ષણ-સંશોધન અભ્યાસમાં વિદ્યાર્થીઓને સાનુકૂળ વાતાવરણ મળી રહે અને અભ્યાસ-સંશોધન માટે ખર્ચની ચિંતા કર્યા વિના પૂરા ખંત-લગનથી આવા હોનહાર છાત્રો સફળતાપૂર્વક સંશોધન કરી રાજયનું નામ રોશન કરે તેવી આપણી નેમ છે.

તેમણે આવી હોનહાર યુવા છાત્રશકિત રાજ્યનું ગૌરવ છે તેમ જણાવતાં ઉમેર્યુ કે, તમારા શોધ-સંશોધન નવોન્મેષી રિસર્ચથી અશકયને શકય કરીને વિશ્વના કલ્યાણનું નવું નિર્માણ ગુજરાતની ધરતી પરથી થાય તે રીતે તમે આગળ વધો સરકાર હંમેશા પીઠબળ આપશે જ.

આ વેબિનારમાં ઉપસ્થિત રહેલા શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતાં જણાવ્યું કે તેમના શોધ-સંશોધન હાઈ કવોલિટીના છે. ચીલાચાલુ નથી અને તેથી જ તેમની ઉત્કૃષ્ટતાને આજે રાજ્ય સરકાર પ્રોત્સાહિત કરી રહી છે.

ચુડાસમાએ ઉમેર્યુ કે, આવા સંશોધનો-રિસર્ચ શોધ માત્ર શિક્ષણલક્ષી કે શિક્ષણ પૂરતા રહેવાને બદલે જીવન જરૂરિયાત ધ્યાનમાં રાખીને થાય તે આવકાર્ય છે.

શિક્ષણમંત્રીએ કોરોના સંક્રમણના આ સમયે ફિઝીકલમાંથી ડિઝીટલ દ્વારા સ્ટાઈપેન્ડ વિતરણના આ વેબિનારને એક નવો વિચાર ગણાવ્યો હતો.

તેમણે ઉમેર્યુ કે, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી યુવાશકિતના વિચારો-નાવિન્યપૂર્ણ શોધ-સંશોધન અભિગમને પુરસ્કૃત કરવાના પ્રખર હિમાયતી રહ્યા છે. મુખ્યમંત્રીની પ્રેરણાથી ૨૦૧૭માં શરૂ થયેલી સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ પોલિસીમાં ગુજરાત આજે દેશમાં અગ્રેસર છે તેની ભૂમિકા શિક્ષણ મંત્રીએ આપી હતી.

તેમણે યુવા છાત્રોના સંશોધન-શોધ વ્યકિતત્વ વિકાસ સાથે સમાજ સમસ્તને લાભદાયી હોય તેવો અભિગમ આ ‘શોધ’ યોજનામાં અભિપ્રેત છે તેમ પણ ઉમેર્યુ હતું.

શિક્ષણ અગ્ર સચિવ શ્રીમતી અંજુ શર્માએ આ વેબિનારની ભૂમિકા આપતાં જણાવ્યું કે ‘શોધ’નો વ્યાપક લાભ સરકારી અને ખાનગી યુનિવર્સિટીમાં રાજ્યના યુવા વિદ્યાર્થીઓ મેળવી રહ્યા છે.

સૌથી વધુ ૧૫૧ જેટલા PHD છાત્રો ગુજરાત યુનિવર્સિટીમાં છે. સમગ્રતયા રાજ્યની ૩૪ યુનિવર્સિટીઓમાંથી ‘શોધ’ માટે વિદ્યાર્થીઓ પસંદ કરાયા છે તેમ તેમણે ઉમેર્યુ હતું.

સ્ટાઈપેન્ડ મેળવનારા પ્રતિભા સંપન્ન વિદ્યાર્થીઓ કુમારી પલક અને શિવાંગીએ પોતાના પ્રતિભાવમાં રાજ્ય સરકારની આ સહાય યોજનાથી તેમને PHD પૂર્ણ કરવામાં આર્થિક આધાર મળ્યો છે તેનો આનંદ વ્યકત કર્યો હતો.

શિક્ષણ રાજ્ય મંત્રી શ્રીમતી વિભાવરીબહેન દવે, મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમાર ગાંધીનગરથી તેમજ રાજયની વિવિધ કોલેજો-યુનિવર્સિટીઓના પ્રાધ્યાપકો-આચાર્યો ફેકલ્ટીઝ અને છાત્રો વેબ કનેકટથી આ વેબિનારમાં જોડાયા હતા.

રોગપ્રતિકારક શક્તિ વધારવા ખૂબ જ અસરકારક પૂરવાર થયેલાં

# આયુર્વેદિક-હોમિયોપેથિક દવાઓ-ઉકાળા અંગે ફિડબેક આપવા આયુષ મંત્રાલયની અપીલ

ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા તૈયાર કરાયેલી આરોગ્ય સંજીવની એપ મારફતે ફિડબેક આપવા અનુરોધ






ગાંધીનગર, તા. ૯

કોરોના મહામારી સમયે સંક્રમીત થયેલી વ્યક્તિઓ તથા સંક્રમણથી બચવા માટે રોગ પ્રતિકારક શક્તિ વધારવા માટે આયુર્વેદીક તેમજ હોમિયોપેથિક દવાઓ-ઉકાળા ખૂબ જ અસરકાર સાબિત થઈ રહ્યા છે. કોવિડ-૧૯ની પરિસ્થિતિ દરમિયાન આયુષ મંત્રાલય દ્વારા કોરોનાને નાથવા માટે જે દરમિયાનગીરીના પગલાં લેવામાં આવ્યા છે તેની અસરકારકતા જાણવાના મુખ્ય હેતુસર આરોગ્ય સંજીવની એપ તૈયાર કરવામાં આવી છે. આ એપ ડાઉનલોડ કરી દવાઓ-ઉકાળાની અસરકારકતા બાબતે ફિડબેક આપવા નાગરિકોને અપીલ કરવામાં આવી છે. લોકો પાસેથી બહોળા પ્રમાણમાં ઉક્ત કામગીરી અને તેની અસરકારકતા અંગેનો ડેટા પ્રાપ્ત કરવા તેમજ આ સર્વેક્ષણ દ્વારા લોકભાગીદારીતા વધારવાનો આ એપ્લિકેશનનો મુખ્ય આશય છે.

ભારત સરકારના આયુષ મંત્રાલય અને ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા આયુષ અંગેની માર્ગદર્શિકા બહાર પાડવામાં આવેલી છે. જે અંતર્ગત નાગરિક ઉપર રોગ પ્રતિકારક શકિતની અસરને જાણવા માટે ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા આરોગ્ય સંજીવની એપ બનાવવામાં આવી છે. જે નાગરિકોએ આયુષ દવાઓનું સેવન કર્યું હોય તો તે આયુષ દવાની પોતાની વ્યક્તિગત શરીર પર જે અસર થઈ હોય એ ફીડબેક આ એપમાં આપે એવી આયુષ મંત્રાલય દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે.

આ આરોગ્ય સંજીવની એપ્લિકેશન કોઈ પણ એન્ડ્રોઈડ મોબાઈલ પરથી https://play.google.com/stroe/apps/details?id=com.negd.ayushfeedback yÚkðk Google/Apple play stroeમાં AYUSH Sanjivani સર્ચ કરીને Ministry of AYUSHના નામ વાળી એપ ડાઉનલોડ કરવા આયુષ નિયામક દ્વારા જણાવાયુ છે.

# વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસમાં વૈદિક ગણિતનો વર્કશોપ યોજાયો



ગાંધીનગર, તા. ૯

આજનાં આ વૈજ્ઞાનિક યુગમાં બાળકોને ગણિત વિષય માં વધુ રુચિ જાગે તે હેતુથી વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસમાંથી શ્રદ્ધા દવેના માર્ગદર્શન હેઠળ આ ઓનલાઈન વર્કશોપ યોજવામાં આવ્યો હતો. પ્રાચીન પ્રણાલી પર આધારિત વૈદિક ગણિત એ સામાન્ય નિયમો અને સિદ્ધાંતોના આધારે ગણતરીની એક વિશિષ્ટ પદ્ધતિ છે, જેના દ્વારા કોઈપણ પ્રકારની ગાણિતિક સમસ્યા મૌખિક રીતે ઉકેલી શકાય છે. વૈદિક ગણિતના વિષયને સરળ અને રસપ્રદ બનાવવા યોજાયેલ આ વર્કશોપ માં બાળકો ઉત્સાહ સાથે જોડાયા હતા.

## રાજય મધ્યસ્થ ગ્રંથાલયના વાંચકો માટે રીન્યુ કરવાની કામગીરી ચાલુ છે

ગાંધીનગર, તા. ૯

રાજય મધ્યસ્થ ગ્રંથાલય અત્યારે કોવિડ-૧૯ની વ્યાપ્ત વૈશ્વિક મહામારીને ધ્યાનમાં રાખીને સરકારશ્રીએ કરેલ જાહેરાત મુજબ કાર્યરત થઈ ગયું છે. તે અનુસાર જે વાચકમિત્રોનું સભ્યપદ તા.૩૧/૦૩/૨૦૨૦ના રોજ સમાપ્ત થઈ ગયું છે તેને રિન્યુ કરવાની કામગીરી અત્યારે ચાલું છે. સભ્યપદ રિન્યુ કરાવવા માટે આધારકાર્ડની કૉપી+૧ ફોટોગ્રફ સાથે લઈને આવવું તથા જેમણે સભ્યપદ રિન્યુ કરાવ્યું હોય તે વાચકમિત્રો પુસ્તકો ઈસ્યુ કરાવી શકે છે. જે વાચકોએ લૉકડાઉન પહેલાં પુસ્તકો ઈસ્યુ કરાવ્યા હોય, અને લૉકડાઉનના કારણે પુસ્તકો પરત કરવાની તારીખ વીતી ગઈ હોય તેમની પાસેથી નિયમાનુસાર દંડની થતી રકમની વસૂલાત કરવાની રહેશે નહીં. તદ્પરાંત દૈનિકપત્રો તથા સામાયિકોનો વિભાગ પણ જાહેર વાચકોના વાંચન અર્થે ખુલ્લો છે. તેઓ ગ્રંથાલયમાં બેસીને તેનું વાંચન કરી શકે છે. અહીં બેસીને સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરતાં વિદ્યાર્થીઓ માટેના વાંચનખંડ વિદ્યાર્થીઓની મોટી ભીડ એકત્ર થાય તો કોરોનાની સ્થિતિને લઈને સામાજિક અંતર જળવાય નહીં તેને અનુલક્ષીને હમણાં ચાલું કર્યા નથી.એ સિવાય ખાસ અગત્યના કામને બાદ કરતાં વાચક સિવાયના અન્ય મુલાકાતીઓ માટે પ્રવેશ સંપૂર્ણ બંધ છે.



મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ-સાદરામાં સમૂહ સફાઈ યજ્ઞ હાથ ધરાયો હતો. જેમાં સંકુલ પ્રાંગણ, હિંચકા બાગ, ગૌણ દરવાજા સુધીનો રસ્તો, કસ્તુરબા આહાર ગૃહનો રસ્તો, ઔષધિ બાગ, ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી સ્મૃતિ બાગની સફાઈ કરાવામાં આવી હતી.

# લંડનની સંસ્થા વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ દ્વારા દિનેશભાઈ વ્યાસને સ્ટાર ૨૦૨૦ સિર્ટીફીકેટ એનાયત

ગાંધીનગર, તા. ૯

વૈશ્વિક મહામારી કોરોના એ જયારે સમગ્ર વિશ્વમાં આતંક મચાવ્યો છે ત્યારે આ સમયમાં કેટલાક નેતાઓ અને સમાજસેવકો દેવદૂત બનીને જનતા ની સેવા કરવામાં ક્યારેય પાછી પાની કરતા નથી . સર્વ ધર્મ સમભાવની દ્રષ્ટિએ સમાજના તમામ વર્ગોની મદદ કરી મનુષ્ય ધર્મ નિભાવ્યો છે.

દિનેશભાઈ વ્યાસને વૈશ્વિક મહામારી કોરોનામાં કરેલ અભૂતપૂર્વ કામગીરી બદલ લંડન સ્થિત વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ દ્વારા સ્ટાર ૨૦૨૦ સિર્ટીફીકેટ એનાયત કરીને તેમની કામગીરીને ધન્યવાદ આપ્યા હતા. ઉલ્લેખનીય છે કે સંસ્થા એ સ્ટાર ૨૦૨૦ સિર્ટીફીકેટ સમગ્ર દેશમાં જેને અમૂલ્ય


STAR 2020

ONLINE CERTIFICATE

Dineshbhai Kantilal Vyas
Managing Trustee,
Shree Vighneshwari Parivar Charitable Trust
Gandhinagar (Gujarat) India

Has been recognized and appreciated for spreading a spirit of positivity and hope during these testing times of Corona Pandemic.
Your effort of being a silent warrior in Covid - 19 combat is commendable.
These efforts and works are also being included in the Star - 2020 Edition being published during the Lockdown period.

No: S00723 Category : Appreciation Status: Online

Issuance: 08th June, 2020

Santosh Shukla
Supreme Court, Advocate
President, Indo - UK

World Record Publishing Company, United Kingdom
ISBN 978-81-924811-0-4, International Agency, London | www.worldbookofrecords.uk

કામગીરી કરેલ હોય તેવા સન્માનિત વિભૂતિઓને આપીને સંસ્થા તેમનું અભિવાદન કરે છે.

સંસ્થા એ સ્ટાર ૨૦૨૦ સિર્ટીફીકેટ ભારત માંઅમિતાભ બચ્ચન, રતન ટાટા, આદિ ગોદરેજ, નીતિન ગડકરી જી, અક્ષય કુમાર સહીત દેશના નામી હસ્તીઓને આ સિર્ટીફીકેટથી સન્માનિત કરેલ છે ત્યારે મહંમદ ધારાણી પણ આ વિભૂતિઓ સાથે સન્માનિત થયા છે.

સ્ટાર ૨૦૨૦ સર્ટિફિકેટ બદલ લંડનના સાંસદ વીરેન્દ્ર શર્મા, સંસ્થાના ભારત ના અધ્યક્ષ સંતોષ શુકલ અને ડિરેકટર અને ગુજરાતના અધ્યક્ષ અશ્વિનભાઈ ત્રિવેદીએ દિનેશભાઈ વ્યાસને અભિનંદન પાઠવ્યા હતા.

# હાયર ગ્રેડથી પાસ થનાર વિદ્યાર્થીઓની સંખ્યા ઘટતા વિધ્યાર્થીઓનો જોક ડિપ્લોમાં અને આઈ.ટી.આઈમાં રહેશે

ગાંધીનગર, તા. ૯

આજ રોજ માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ ની પરીક્ષાનુ પરિણામ ૬૦.૬૪ ટકા જાહેર કરવામાં આવ્યુ છે. ગત વર્ષના પરિણામ કરતા ૬.૩૩ % જેટલુ ઓછુ છે. રાજ્ય ભરમાં ફક્ત ૧૬૭૧ વિધ્યાર્થીઓ જ એવન ગ્રેડ મેળવી શક્યા છે અને ૨૩૭૫૪ વિધ્યાર્થીઓ એ એટુ ગ્રેડ મેળવેલ છે. જે ગત વર્ષના પરિણામ કરતા ૫૦ ટકા જેટલો ઓછુ છે. છેલ્લા ઘણા વર્ષથી ધોરણ-૧૧-૧૨ સાયન્સમાં જનાર વિધ્યાર્થીઓની સંખ્યામાં દિન-પ્રતિદીન ઘટાડો થયો છે અને ધોરણ ૧૦ પછી વ્યવસાય લક્ષી અને રોજગાર લક્ષી કોર્ષ એટલે કે ડિપ્લોમાં અને આઈ.ટી.આઈ માં જનાર વિધ્યાર્થીઓની સંખ્યા વધી છે. ધોરણ-૧૧-૧૨ સાયન્સમાં સેમીસ્ટર પ્રથા બંધ થયા બાદ ૧૨ સાયન્સના પરીણામમાં દર વર્ષે ઘટાડો થયો છે. ધોરણ-૧૧-૧૨ સાયન્સ બાદ વિધ્યાર્થીઓને ગુજકેટ અથવા જેઈઈની પરીક્ષા આપ્યા બાદ જ એન્જીનીયરીંગમાં પ્રવેશ મળતો હોય છે. જયારે ડિપ્લોમાં કરેલ વિધ્યાર્થીને ડિગ્રી એન્જીનીયરીંગના ૨જા વર્ષમાં સીધો પ્રવેશ મળે છે. અને તે પણ કોઇ પણ જાતની પ્રવેશ પરીક્ષા આપ્યા વગર. વળી ઈન્ડસ્ટ્રીમાં પણ ડિપ્લોમાં અને આઈ.ટી.આઈ કરેલની માંગ ખુબ જ હોય છે. જેના લીધે દર વર્ષે ડિપ્લોમાં અને આઈ.ટી.આઈ માં પ્રવેશ મેળવતા વિધ્યાર્થીઓની સંખ્યા દર વર્ષે વધે છે.

ડાયરેક્ટ સે

દુનિયામાં દરેક વ્યક્તિ પોતાની લાયકાત પ્રમાણે ચમકે છે, ઈચ્છા પ્રમાણે નહિ...

## જન્મદિને વધામણી



મંગળદાસ એમ પારેખ
મો. ૯૭૨૭૨ ૪૪૧૪૫



કિરીટ પ્રજાપતિ
મો. ૮૪૦૧૮ ૯૩૬૭૮



જ્યોત્સ્નાબેન જગદીશકુમાર શ્રીમાળી



લક્ષ્મીબેન નરેશભાઈ પરમાર
મો. ૯૧૫૭૬ ૬૯૧૨૬



મિહીર ગૌરવ પરમાર
મો. ૬૩૫૬૦ ૩૫૯૨૯



પ્રિશા પારસભાઈ વ્યાસ